| 2. | Jiva Raja Odedara (Borrower) / Dewiben Rajabhai Odedara (Co- Borrower) Loan A/c No. QZRAJ00005035912 | Flat No. 201, 2nd Floor, Deepganga Apartment, Maruti Nagar, Timbavadi, Junagadh, Gujarat 362015. Admeasuring an area of 46.45 Sq. Mtr.- Free Hold Property | Rs. 13,52,634/- (as on January 29, 2025) | Rs. 8,10, 000/- / Rs. 81,000/- | February 07, 2025 12:00 Noon To 01:00 PM | February 21, 2025 From 11:15 AM Onwards |
| 3. | Pokarram Rammarayan Yadav (Borrower)/ Rameshchand Ramnarayan Yadav (Co-Borrower) Loan A/c No. QZRAJ00005036621 | Flat No. 8, 4th Floor, Manmohan Plaza, Near Lilapar Char Rasta, Mouje – Lilpari, Taluko – Morbi , Survey No. 158 ,Gujarat, Rajkot–363641. Admeasuring Built-Up area 70.95 Sq. Mtr.- Free Hold Property | Rs. 8,00,709/- (as on January 29, 2025) | Rs. 6,40, 000/- / Rs. 64,000/- | February 07, 2025 01:00 PM To 02:00 PM | February 21, 2025 From 11:30 AM Onwards |

The online auction will take place on the website https://disposalhub.com of the E-Auction agency M/s NexXen Solutions Private Limited. The recipients of this Notice are given a last chance to pay the total dues with further interest till February 20, 2025 before 04:30 PM failing which, the Secured Asset/ Assets will be sold as per schedule.

The prospective Bidder/ Bidders must submit the Earnest Money Deposit (EMD) Demand Draft (DD) (Refer to column E) at ICICI Bank Limited, Jayhind Annex, Opp. Sharda Baug, Near Dharam Cinema, Rajkot- 360001 on or before February 20, 2025 by 04:30 PM Thereafter, he/ she/ they need to submit the offer/ offers through the website mentioned above on or before February 20, 2025 by 05:00 PM along with a scanned copy of the Bank acknowledged DD as a proof of payment of the EMD. In case, the prospective Bidder/ Bidders is/ are unable to submit the offer/ offers through the website then a signed copy of the tender documents may be submitted at ICICI Bank Limited, Jayhind Annex, Opp. Sharda Baug, Near Dharam Cinema, Rajkot- 360001 on or before February 20, 2025 by 05:00 PM The Earnest Money Deposit DD/ PO should be from a Nationalised/ Scheduled Bank in favour of 'ICICI Bank Limited' payable at "Rajkot.

For any further clarifications regarding the inspection, Terms and Conditions of the E-Auction or submission of tenders, contact ICICI Bank Employee Phone No. 8356846884

Please note that the Marketing agencies 1. Value Trust Capital Services Private Limited., 2. Augeo Asset Management Private Limited, 3. Girnarsoft Pvt Ltd. 4. Hecta Prop Tech Private Limited., have also been engaged in facilitating the sale.

The Authorised Officer reserves the right to reject any or all of the bids without furnishing any further reasons.

For detailed Terms and Conditions of the sale, please visit www.icicibank.com/n4p4s

Date: February 01, 2025 Authorized Officer
Place: Junagadh & Rajkot ICICI Bank Limited

# એસવીપીઆઇએ એરપોર્ટ અદ્યતન બેગેજ સ્ક્રીનિંગ થકી પ્રવાસીઓનો અનુભવ બહેતર બનાવશે

● અમદાવાદ, તા. ૩૧

અદાણી એરપોર્ટ હોલ્ડિંગ્સ લિમિટેડ સંચાલિત સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ ટર્મિનલ-૨ ખાતે કસ્ટમ્સ સ્ક્રીનિંગ રૂમ એટલે કે એક અદ્યતન ઈનલાઈન સ્ક્રીનિંગ રૂમ - બનાવ્યો છે, જે કસ્ટમ્સ અધિકારીઓને ઝડપથી અને કાર્યક્ષમ રીતે આગમન સામાનની તપાસ કરવા સક્ષમ બનાવશે.

કસ્ટમ્સ સ્ક્રીનિંગ રૂમ બેગેજ પ્રોસેસિંગની દેખરેખ રાખવા માટે CCTV મોનિટરિંગ સિસ્ટમથી સજ્જ છે. બેગેજ સ્ક્રીનિંગ સિસ્ટમ ૦.૫ મીટર/સેકન્ડની ઝડપે કાર્યરત અદ્યતન એક્સ-રે મશીનો સાથે સંકલિત છે, જે અગાઉના ૦.૧૨ મીટર/સેકન્ડ કરતા નોંધપાત્ર વધારો છે. તેનાથી મુસાફરો માટે ઝડપી બેગેજ રિક્લેમ અને કસ્ટમ્સની બેગેજ સ્ક્રિનિંગ પ્રક્રિયાની કાર્યક્ષમતામાં વધારો થાય છે.

તમામ આંતરરાષ્ટ્રીય બેગેજ આગમન લાઈનમાં ફેરફાર કરવામાં આવ્યો છે જેથી બેગ સ્વીકૃતિ અને અસ્વીકાર માટે ડાયવર્ટર સાથે 'રિજેક્ટ' લાઈનનો સમાવેશ થાય. આ નવતર સુવિધા કસ્ટમ્સ કર્મચારીઓને કન્વેયરને કારણે રિજેક્ટેડ બેગ રોકવા પડતા વિલંબને દૂર કરે છે, જેનાથી એકંદર બેગેજ હેન્ડલિંગની કાર્યક્ષમતામાં નોંધપાત્ર સુધારો થાય છે. પરિણામે આંતરરાષ્ટ્રીય મુસાફરો માટે બેગેજ રિક્લેમ પ્રક્રિયા વધુ સરળ બનશે.

આ અદ્યતન ટેકનોલોજી દ્વારા એક્સ-રેની સ્પીડમાં વધારો અને સુવ્યવસ્થિત પ્રક્રિયાઓ કસ્ટમ્સ કર્મચારીઓને બેલ્ટ દ્વારા તૈનાત રહેવાને બદલે સીધા કસ્ટમ્સ સ્ક્રીનીંગ રૂમમાંથી બેગની તપાસ ઝડપી અને કાર્યક્ષમ થશે. ઓછા સમયમાં વધુ જથ્થામાં સામાનની પ્રક્રિયા પૂરી થશે, મુસાફરો માટે રાહ જોવાનો સમય ઓછો થશે અને એકંદર મુસાફરીનો અનુભવ સુધરશે.

## ભાવનગરમાં ડમ્પરે કારને મારી ટક્કર

# ભાવનગર સોમનાથ ધોરીમાર્ગ પર એક ગોઝારો અકસ્માત સામે આવ્યો

● ભાવનગર, તા.૩૧

ગુજરાતના ભાવનગર સોમનાથ ધોરીમાર્ગ પર એક ગોઝારો અકસ્માત સામે આવ્યો છે. જેમાં શુક્રવારે (૩૧ જાન્યુઆરી) બપોરે ચાર વાગ્યાની આસપાસ બોરડા અને પસ્વી ગામ વચ્ચે ઝદ્દર પમ્પ ખાતેથી ગેસ પુરાવી મહુવા જતી ઈકો કારને બમ્પરે અડફેટે લીધી હતી. ઈકો કારમાં ૧૧ વિદ્યાર્થિનીઓ સવાર હતી. જે ટૂર્નામેન્ટમાંથી પરત ફરી હતી. તળાજા નજીક ભાવનગર સોમનાથ રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર બુધવારે ચાર વાગ્યાની આસપાસ વિદ્યાર્થિનીઓથી ભરેલી ઈકો કાર પસ્પી ગામ વચ્ચે આવેલાં CNG પમ્પ ખાતે ગેસ પુરાવી મહુવા જઈ રહી હતી. આ દરમિયાન પાછળથી એક ઈકો કારને ડમ્પરે અડફેટે લેતાં ગાડીમાં સવાર ૧૧ વિદ્યાર્થિનીઓ ઈજાગ્રસ્ત થઈ હતી. ઘટનાની જાણ થતાં આસપાસના લોકોએ પોતાના ઈજાગ્રસ્તોને તાત્કાલિક હોસ્પિટલ ખસેડ્યા હતાં. નોંધનીય છે કે, વિદ્યાર્થિનીઓ જ્ઞાન શક્તિ રેસિડેન્સિયલ સ્કૂલ ઑફ એક્સીલેન્સમાં અભ્યાસ કરતી હતી. આ તમામ વિદ્યાર્થિનીઓ ધોરણ ૬ અને ૭માં અભ્યાસ કરતી હતી.

આ તમામ વિદ્યાર્થિનીઓ ભાવનગર સ્થિત સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ ખાતે કરાટે સ્પર્ધામાં ભાગ લેવા ગટયા હતાં. ટૂર્નામેન્ટમાંથી પરત ફરતી વખતે તેઓ આ અકસ્માતનો ભોગ બન્યા હતાં. જોકે, સદ્ભાવે કોઈ જાનહાનિ નોંધાઈ નથી.

## ભરતીમાં ભ્રષ્ટાચારના આરોપો

# વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિ.માં ફરીથી કૌભાંડનું ભૂત ધણધણ્યું

● વીર નર્મદ, તા.૩૧

રાજ્યમાં ફરી એકવાર ભરતી કૌભાંડનો દાવો કરવામાં આવ્યો છે. દક્ષિણ ગુજરાતમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી દ્વારા સંચાલિત કોલેજમાં ભરતી મામલે આરોપો લાગ્યા છે. વિદ્યાર્થી નેતા યુવરાજસિંહ જાડેજાએ ફોરેસ્ટ સર્વિસ કોલેજ BRSમાં ભરતી કૌભાંડનો આરોપ લગાવ્યો છે. જેમાં સિનિયર ક્લાર્કની ભરતીમાં ઉમેદવારને પૂર્ણ ગુણ કેવી રીતે મળ્યા તે અંગે પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા. યુવરાજસિંહ જાડેજાએ જયદીપસિંહ પરમારના પરિણામો પર પ્રશ્નો ઉઠાવ્યા હતા. જયદીપસિંહ પરમાર ભૂતપૂર્વ કાઉન્સિલર રાજેન્દ્રસિંહના પુત્ર છે. જયદીપસિંહ પરમાર પર ભ્રષ્ટાચાર દ્વારા નોકરી મેળવવાનો આરોપ લગાવ્યો છે.વિદ્યાર્થી નેતા યુવરાજ સિંહે ફોટોગ્રાફ્સ સાથે કેટલાક પુરાવા રજૂ કર્યા છે. તેમણે આપેલી વિગતો અનુસાર, સિનિયર ક્લાર્કની જગ્યા માટે ૬૩ વ્યક્તિઓએ અરજી કરી હતી જેમાંથી ૩૨ લોકોએ ભાગ લીધો હતો. પરીક્ષા OMR મોડ દ્વારા લેવામાં આવી હતી. આ પરીક્ષામાં જયદીપ સિંહના બધા જવાબો સાચા હતા. એવો દાવો કરવામાં આવ્યો છે કે પેપરની આન્સર કીમાં કેટલાક જવાબો ખોટા હતા, પરંતુ જયદીપ સિંહ દ્વારા ટિક કરાયેલા જવાબોને સાચા ગણવામાં આવ્યા છે. આ સાથે શંકા વધુ ઘેરી બની છે કારણ કે જે કોમ્પ્યુટર પ્રોફીન્સી ટેસ્ટ લેવાનો હતો તે રદ કરવામાં આવ્યો છે. આ ખુલાસો કરતી વખતે, યુવરાજ સિંહે પુરાવાના આધારે તપાસની માંગ કરી છે.ભરતી કૌભાંડના મુદ્દે યુવરાજસિંહ જાડેજાએ આરોપ લગાવ્યો હતો કે ધરમપુરના કાઉન્સિલર રાજેન્દ્રસિંહ પરમારના પુત્રએ ભ્રષ્ટાચાર દ્વારા નોકરી મેળવી છે. દક્ષિણ ગુજરાત વીર નર્મદ યુનિવર્સિટી દ્વારા સંચાલિત કોલેજમાં ભરતી અંગે ગંભીર આરોપો લગાવવામાં આવ્યા હતા. ફોરેસ્ટ સર્વિસ કોલેજ બીઆરએસ કોલેજમાં ભરતી અંગે આક્ષેપો કરવામાં આવ્યા હતા. જેમાં સિનિયર ક્લાર્કની ભરતીમાં ઉમેદવારે ૨૧૦માંથી ૨૧૦ ગુણ મેળવ્યા છે. કુલ ૬૩ ઉમેદવારોએ ફોર્મ ભર્યું હતું, જેમાંથી ૩૨ ઉમેદવારોએ પરીક્ષા આપી હતી.યુવરાજ સિંહે કહ્યું, અમારા અને અમારી ટીમ દ્વારા વિશ્લેષણ કર્યા પછી જાણવા મળ્યું કે સીટ નંબર જી-૦૦૪૧ ના ઉમેદવાર પરમાર જયદીપ સિંહ રાજેન્દ્ર સિંહ નામના આશાસ્પદ ઉમેદવારને આન્સર કી મુજબ ૨૧૦/૨૧૦ ગુણ મળ્યા છે. વિચિત્ર વાત એ છે કે "આન્સર કી મુજબ" ઉમેદવારે બધા ૨૧૦ પ્રશ્નો સાચા આપ્યા. નવાઈની વાત એ છે કે જો આન્સર કીમાં કેટલાક પ્રશ્નોના જવાબ/વિકલ્પમાં ભૂલ હોય, તો તે ઉમેદવારનો જવાબ અથવા વિકલ્પ પણ આન્સર કી મુજબ આપવામાં આવે છે. આ કોઈ શાળા કે કોલેજની પરીક્ષા નથી જેમાં બધા પ્રશ્નો એક જ પુસ્તકમાંથી પૂછવામાં આવે છે, તે એક સ્પર્ધાત્મક પરીક્ષા છે જેમાં વિશ્વના કોઈપણ ખૂણામાંથી પ્રશ્નો પૂછવામાં આવે છે. છતાં, આ ભાઈને ૨૧૦/૨૧૦ ગુણ મળે છે. તેથી પૂર્ણ ગુણ મેળવનાર ઉમેદવારને વર્તમાન આલ્બર્ટ આઈન્સ્ટાઈન કહેવું ખોટું નથી. કેટલાક પ્રશ્નો એટલા સરળ હતા કે તે ધોરણ ૬ થી ૮ ના પાઠ્યપુસ્તકોમાંથી લેવામાં આવ્યા હતા, પરંતુ ચોંકાવનારી વાત એ છે કે પેપર સેટર દ્વારા સબમિટ કરવામાં આવેલી આન્સર કીમાં પણ જવાબો ખોટા આપવામાં આવ્યા હતા અને ઉમેદવારે તે જ જવાબ ટિક કર્યો હતો! આ કેવો સંયોગ છે?યુવરાજે આરોપ લગાવ્યો કે કેટલીક બાબતો પરથી એવું લાગે છે કે જયદીપ સિંહ રાજેન્દ્ર સિંહ પરમાર પોતે જ પેપર સેટર અથવા આન્સર-કી સેટર છે. અથવા જયદીપ સિંહ પરમારનો પેપર સેટર કે આન્સર-કી સેટરની માનસિકતા અને પરિવાર સાથે ખૂબ જ ગાઢ સંબંધ છે. પરંતુ એવું કેવી રીતે શક્ય છે કે આટલો પ્રતિભાશાળી વ્યક્તિ OMR શીટ નંબર ભરવામાં ભૂલ કરે અને નિરીક્ષક તેને બીજી OMR શીટ આપે. અમે છેલ્લા ૫ વર્ષની બધી સ્પર્ધાત્મક પરીક્ષાઓના પરિણામો જોયા. આટલા પ્રતિભાશાળી અને આશાસ્પદ ઉમેદવારે ક્યારેક ને ક્યારેક બીજી પરીક્ષાઓ પાસ કરી હશે! અમે UPSC, GPSC, ગૌણ સેવાઓ, પંચાયત સેવા પસંદગી, GPRB, પંચાયત ભરતી જેવી અનેક પરીક્ષાઓના પરિણામોની PDF તપાસી, પરંતુ જયદીપ સિંહ રાજેન્દ્રસિંહ પરમારનું નામ ક્યાંય દેખાયું નહીં.

## ગુજરાતના મુખ્ય સચિવ તરીકે પદભાર પદભાર સંભાળતા પંકજ જોષી

# "વિકસિત ગુજરાત થકી વિકસિત ભારત"ની દિશામાં કામ કરવું તે અમારી પ્રાથમિકતા રહેશે: મુખ્ય સચિવ પંકજ જોષી



● અમદાવાદ,તા.૩૧

ગુજરાતના મુખ્ય સચિવ તરીકે વરિષ્ઠ સનદી અધિકારી શ્રી પંકજ જોષીએ આજે ગાંધીનગર ખાતે પદભાર સંભાળ્યો હતો. રાજ્યના મુખ્ય સચિવ શ્રી રાજકુમાર વય નિવૃત્ત થતાં તેમની પાસેથી મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવ શ્રી પંકજ જોષીએ મુખ્ય સચિવ શ્રી તરીકે ચાર્જ સંભાળ્યો હતો. મુખ્ય સચિવ શ્રી જોષીને આ પ્રસંગે પૂર્વ મુખ્ય સચિવ શ્રી રાજકુમારે નવીન જવાબદારી માટે શુભેચ્છાઓ પાઠવી હતી.મુખ્ય સચિવ જોષીએ મીડિયાને વિગતો આપતા જણાવ્યું હતું કે, ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ, એફ.ડી.આઈ ઈન્વેસ્ટમેન્ટ સહિત અનેક ઔદ્યોગિક ક્ષેત્રે ગુજરાત અગ્રેસર રહ્યું છે. ભારતમાં ગુજરાત રાજ્ય ગ્રોથ એન્જીન ઓફ ઈન્ડિયા તરીકે ઓળખાય છે. છેલ્લા અઢી દાયકામાં ગુજરાત રાજ્યનો અગ્રીમ વિકાસ થયો છે, અને આવનારા સમયમાં પણ ગુજરાતનો વિકાસ વધુ ઝડપથી થાય તે અમારી પ્રથમ પ્રાથમિકતા રહેશે.ભારત સરકાર અને ગુજરાત સરકારનું એક જ વિઝન રહ્યું છે, 'આત્મનિર્ભર ગુજરાત થકી આત્મનિર્ભર ભારત'ના વિઝનને સાકાર કરવા અનેક પ્રયત્નો કરવા સરકાર સતત પ્રયત્નશીલ રહેશે તેમ જણાવી મુખ્ય સચિવશ્રીએ ઉમેર્યું હતું કે, રાજ્ય સરકાર દ્વારા 'વિકસિત ગુજરાત ૨૦૪૭' વિઝન ડોક્યુમેન્ટ તૈયાર કરવામાં આવ્યો છે. આ વિઝન ડોક્યુમેન્ટ બે થીમ પર આધારિત છે, અર્નીંગ વેલ અને લીવિંગ વેલ આ બંને થીમને ધ્યાને રાખીને રોડ મેપ તૈયાર કરવામાં આવશે.આ સાથે વય નિવૃત્ત થતાં ગુજરાતના મુખ્ય સચિવ શ્રી રાજકુમારને રાજ્યના વરિષ્ઠ સનદી અધિકારીશ્રીઓ તેમજ વિવિધ વિભાગોના વડા- અધિકારીઓએ ભાવભરી વિદાય આપીને સુખમય અને સ્વસ્થ નિવૃત્તિ જીવન માટે શુભેચ્છાઓ પાઠવી હતી.આ પ્રસંગે સામાન્ય વહીવટ વિભાગ અધિક મુખ્ય સચિવ કમલ દયાણી, મુખ્યમંત્રીના અધિક મુખ્ય સચિવ એમ. કે. દાસ, અધિક મુખ્ય સચિવ જયંતી રવિ, અધિક મુખ્ય સચિવ જે.પી. ગુપ્તા, અધિક મુખ્ય સચિવ એસ.જે. હૈદર સહિત વિવિધ સનદી અધિકારીઓએ રાજકુમાર સાથે તેમને કરેલા કાર્યોના સ્મરણ યાદ કરીને તેમની વહિવટી કુશળતાને બિરદાવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, મૂળ ઉત્તરપ્રદેશના વતની શ્રી પંકજ જોષી વર્ષ ૧૯૮૯માં ગુજરાત કેડરમાં ભારતીય સનદી અધિકારી તરીકે જોડાયા હતા. શ્રી જોષીએ સિવિલ ઈજનેરીમાં બી.ટેક. તેમજ જળ ક્ષેત્રે એમ. ટેક.નો અભ્યાસ કર્યો છે. તેઓએ ગુજરાતમાં પ્રાંત અધિકારીથી શરૂ કરીને સરકારના વિવિધ મહત્વના વિભાગોમાં સફળતાપૂર્વક ફરજ બજાવીને મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવ તરીકે અને હવે ગુજરાતના મુખ્ય સચિવશ્રી તરીકે મહત્વની જવાબદારી સંભાળી છે.

# સાબરકાંઠા ટ્રાફિક પોલીસે રોંગ સાઈડમાં આવતા વાહન ચાલકો સામે કરી કાર્યવાહી

● સાબરકાંઠા, તા.૩૧

અમદાવાદ – ઉદયપુર નેશનલ હાઈવે પર હિંમતનગરથી પસાર થવું એટલે કે જાણે કે માથાનો દુખાવો બની ચુક્યો છે. તો હિંમતનગર શહેરમાં પણ આવી જ સ્થિતિ જોવા મળી રહી છે. જેને લઈ હવે હિંમતનગર શહેર ટ્રાફિક અને સાબરકાંઠા જિલ્લા ટ્રાફિક પોલીસ દ્વારા રોંગ સાઈડ રાજુ બનીને ફરતા વાહન ચાલકો સામે દંડનો દંડો ઉગામ્યો છે. હિંમતનગર શહેરમાં ટ્રાફિકની સમસ્યા જાણે કે છેલ્લા એકાદ વર્ષમાં ખૂબજ વણસી ચૂકી છે. વાહન ચાલકોની અણસમજ આ સમસ્યાને વધારે મુશ્કેલ બનાવી રહી છે. છેલ્લા એક માસથી લોકોને અપીલ કરવા અને જાગૃતિ ફેલાવવા છતાં પણ ટ્રાફિકના નિયમોને અવગણતા વાહન ચાલકોની સામે ટ્રાફિક પોલીસે હવે કાર્યવાહી શરુ કરી છે. હિંમતનગર શહેર ટ્રાફિક પોલીસની ટીમ દ્વારા હવે વિશેષ ડ્રાઈવ હાથ ધરવામાં આવી છે. જેમાં ખાસ કરીને રોંગ સાઈડ વાહન હંકારતા વાહનચાલકોને દંડવામાં આવી રહ્યા છે. તો વળી જોખમી રીતે અને રોંગ સાઈડ વાહન હંકારવા સહિતને લઈ ટ્રાફિક પોલીસે દંડનીય કાર્યવાહી હાથ ધરી છે. એક જ દિવસમાં ૬૦ થી વધારે વાહન ચાલકોને રોંગ સાઈડ વાહન હંકારવાને લઈ દંડ આપવામાં આવ્યો છે. ટ્રાફિક પોલીસ દ્વારા શહેરની મેડિસિટી ચોકડી, મોતીપુરા સર્કલ, સહકારી જીન સહિત શહેરના અનેક વિસ્તારોમાં આ પ્રકારે દંડનીય કાર્યવાહી કરીને રોંગ સાઈડની આદત છોડાવવા માટે પ્રયાસ કરાયો છે!

## પાલિકા દ્વારા નવા રોડ રસ્તાઓ બનાવવામાં આવી રહ્યા છે

# જામનગર શહેરમાં સાતમો રોડ શરૂ કરવા વહીવટી તંત્રની કવાયત

● જામનગર, તા. ૩૧

જામનગર મહાનગરપાલિકા દ્વારા નવા રોડ રસ્તાઓ બનાવવામાં આવી રહ્યા છે અને જામનગરના સાત રસ્તા પૈકીનો સાતમો રસ્તો, કે જે ઘણા સમયથી બંધ હતો, તેને પુનઃ શરૂ કરવા માટેની તંત્ર દ્વારા કવાયત કરવામાં આવી રહી છે. જામનગરના લાખોટા તળાવની પાળ આરટીઓ કચેરી વાળા માર્ગેથી છેક સાત રસ્તા સર્કલ સુધીનો ૧૮ મીટરનો પહોળો રસ્તો બનાવવા માટેની તંત્ર દ્વારા કવાયત શરૂ કરી દેવામાં આવી છે અને તેનું સર્વે હાથ ધરવામાં આવ્યું છે. જામનગર મહાનગરપાલિકાના કમિશનર ડી.એન. મોદી તેમજ જિલ્લા પોલીસવડા પ્રેમસુખ ડેલુ જાતે હાજર રહ્યા હતા, અને તેઓની આગેવાનીમાં એસ્ટેટ શાખાની ટીમ, પોલીસ વિભાગની ટુકડી સહિત અલગ અલગ ટીમ દ્વારા તળાવની પાળ થી સાત રસ્તા સુધીના માર્ગ પર નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. હાલ ઉપરોક્ત રસ્તો કાઢવા માટે જૂના સીટી એ. ડિવિઝન વાળું બિલ્ડીંગ, ઉપરાંત ગ્રામીણ બેંક, ક્ષાર નિવારણની કચેરી, એલસીબીની કચેરી, એસઓજી શાખાની કચેરી, આરટીઓ કચેરીનો અમુક હિસ્સો વગેરે માર્ગની વચ્ચે આવતા હોવાથી તેને ખુલ્લો કરવા માટે અથવા તો જગ્યા ખુલી કરવા માટેનું હાલ સર્વે હાથ ધરવામાં આવી રહ્યું છે. ઉપરાંત આ માર્ગે એક ધાર્મિક સ્થળ પણ આવેલું હોવાથી તેને પણ ખસેડવાની કામગીરી હાથ ધરાય તેમ મનાઈ રહ્યું છે.

જે સમગ્ર મામલે હાલ સર્વે કરવામાં આવી રહ્યું છે, અને નજીકના ભવિષ્યમાં માર્ગ તૈયાર કરીને પ્રજાજનો માટે ખુલ્લો મુકાશે. જૂની આરટીઓ કચેરી પાસે હાથથી ચાલતી અથવા તો બેટરી અને ઈલેક્ટ્રીક થી ચાલતી અન્ય બાળકોની રાઈડ ફરીથી શરૂ થઈ ગઈ હોવાથી જામનગર મહાનગરપાલિકાની એસ્ટેટ શાખા દ્વારા તાત્કાલિક અસરથી તમામ રાઈડ બંધ કરીને ત્યાંથી ઉપડાવી લીધી છે, અને સંપૂર્ણ રસ્તો ખુલ્લો કરાવી દેવાયો છે. સમગ્ર મામલે હાલ સર્વે કરવામાં આવી રહ્યું છે.

## બુલડોઝર કાર્યવાહીના કેસમાં મુસ્લિમ પક્ષને કોઈ રાહત આપી નથી

# સોમનાથ મંદિરની સરકારી જમીન પર ઉર્સનું સરઘસ નહીં યોજી શકાય: સુપ્રીમ કોર્ટ

● નવી દિલ્હી, તા.૩૧

સુપ્રીમ કોર્ટે પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મંદિર પાસે બુલડોઝર કાર્યવાહીના કેસમાં મુસ્લિમ પક્ષને કોઈ રાહત આપી નથી. કોર્ટે આ આદેશ આપ્યો કે વિવાદિત સ્થળ તોડી પાડવામાં આવ્યું કેમકે તે જમીન સરકારની માલિકીની છે. વેરાવળ સોમનાથ ખાતે દબાણ દૂર કરવા માટે મોટા પાયે તોડી પાડવાના મુદ્દે અરજદારોની અરજી સુપ્રીમ કોર્ટે ફગાવી દીધી છે. રાજ્ય સરકારે સોમનાથ મંદિરની નજીકના સરકારી સ્થળે ઉર્સ યોજવાની અરજદારોની વિનંતીનો વિરોધ કર્યો હતો.

શુક્રવારે સુપ્રીમ કોર્ટે ગીર સોમનાથ જિલ્લામાં ગેરકાયદે દબાણોને હટાવવાના કેસની સુનાવણી કરી. દરમિયાન, સુપ્રીમ કોર્ટે ૧ થી ૩ ફેબ્રુઆરી દરમિયાન તોડી પાડવામાં આવેલી દરગાહ પર ઉર્સ યોજવાની પરવાનગી માંગતી અરજીને ફગાવી દીધી હતી.

ગુજરાતના અધિકારીઓએ કોર્ટને જણાવ્યું હતું કે સરકારી જમીન પર બનેલા મંદિરો સહિત અનધિકૃત બાંધકામો તોડી પાડવામાં આવ્યા છે. ઉપરોક્ત જમીન પર ધાર્મિક કાર્યક્રમો સહિત કોઈપણ પ્રવૃત્તિની મંજૂરી નથી. જસ્ટિસ બીઆર ગવઈ અને ઓગસ્ટિન જ્યોર્જ મસીહની બેન્ચે ગુજરાત સરકાર વતી હાજર રહેલા સોલિસિટર જનરલ તુષાર મહેતા દ્વારા કરવામાં આવેલી રજૂઆતોની નોંધ લીધી કે સરકારી જમીન પર મંદિરો સહિત તમામ અનધિકૃત બાંધકામો તોડી પાડવામાં આવ્યા છે.

મહેતાએ જણાવ્યું હતું કે પહેલાથી જ અતિક્રમણ કરાયેલી જમીન પર હિન્દુ ધાર્મિક સમારોહ સહિત કોઈપણ પ્રવૃત્તિને મંજૂરી આપવામાં આવી રહી નથી. અરજદાર વતી હાજર રહેલા વકીલે કહ્યું કે ત્યાં એક દરગાહ હતી જેને અધિકારીઓ દ્વારા તોડી પાડવામાં આવી હતી. તેમણે કહ્યું કે દરગાહમાં 'ઉર્સ' ઉત્સવ ઉજવવાની પરંપરા ઘણા વર્ષોથી ચાલી આવે છે અને ગુરુવારે અધિકારીઓએ તેના માટે પરવાનગી આપવાનો ઈનકાર કર્યો હતો.

બેન્ચે કહ્યું કે અરજીમાં કરવામાં આવેલી વિનંતી મુખ્ય કેસની સુનાવણી કર્યા વિના સ્વીકારી શકાય નહીં. આમ કહીને ઉર્સ ઉજવવાની અરજી ફગાવી દેવામાં આવી. રાજ્ય સરકારે વેરાવળ સોમનાથ જિલ્લામાં મોટા પાયે કાર્યવાહી કરી હતી અને મોટા પાયે અતિક્રમણ હટાવ્યું હતું. સરકાર દ્વારા કરવામાં આવેલ કોંક્રિટ ફેન્સીંગ પૂર્ણ થઈ ગયું છે. સરકારે દલીલ કરી હતી કે ડિમોલિશનનું કામ પૂર્ણ થઈ ગયું છે અને ફેન્સીંગ પણ કરવામાં આવી છે.

૩૦ સપ્ટેમ્બરના રોજ, સોમનાથ મંદિરની આસપાસ કથિત ગેરકાયદેસર બાંધકામ પર બુલડોઝર ચલાવવામાં આવ્યું હતું. પટણી મુસ્લિમ સોસાયટીએ ૧ ઓક્ટોબરના રોજ સુપ્રીમ કોર્ટમાં અવમાનના અરજી દાખલ કરી હતી. આ અરજીમાં ગીર સોમનાથના કલેક્ટર અને અન્ય અધિકારીઓ સામે અવમાનનાની કાર્યવાહીની માંગ કરવામાં આવી હતી. અરજીમાં દરગાહ માંગરોળ શાહ બાબા, ઈદગાહ, પ્રભાસ પાટણ, વેરાવળ, ગીર-સોમનાથ ખાતે સ્થિત અનેક બાંધકામોના ગેરકાયદેસર તોડી પાડવાનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો.

# પાટણમાં ગેરકાયદે ડીઝલના વેપલાનો SOG પોલીસે પર્દાફાશ કર્યો

● પાટણ, તા. ૩૧

પાટણમાં ગેરકાયદે ડીઝલના વેપલાનો SOG પોલીસે પર્દાફાશ કર્યો છે. મેલુસણ ગામ નજીક આવેલા પાર્લરમાંથી ૧૦૫ લીટર ડીઝલ જપ્ત કરી રૂપિયા ૪૯૯૫૦નો મુદ્દામાલ જપ્ત કરી આરોપીઓની શોધખોળ શરૂ કરી છે.પાટણ જીલ્લામાં પાટણ – શિહોરી હાઈવે પર આરોપી કિરણ દેસાઈ નજીકના ગામોમાં ડીઝલ વેચાણ કરતો હતો. પોલીસને આરોપી ગેરકાયદેસર ડીઝલનું વેચાણ કરી રહ્યો હોવાની બાતમીના આધારે દરોડા પાડ્યા હતા. સરસ્વતી પોલીસ સ્ટેશન વિસ્તારમાં ડીઝલનો વેપલો ચાલતો હતો ત્યારે SOG ત્રાટકી હતી. મેલુસણ ગામ નજીક આવેલા પાર્લરના પાછળના ભાગમાંથી ૧૦૫ લીટર ડીઝલ જપ્ત કર્યું છે.

# સોમનાથ ટ્રસ્ટ રૂમ બુકિંગની નકલી વેબસાઇટ દ્વારા તેમની સાથે રૂ. ૭૦ હજારની છેતરપિંડી કરવામાં આવી હતી

● અમદાવાદ, તા.૩૧

ગુજરાતના પ્રસિદ્ધ યાત્રાધામ સોમનાથ મંદિરના દર્શન કરવા રાજ્યના વિવિધ જિલ્લાઓ અને અન્ય રાજ્યોમાંથી ભક્તો આવે છે. દૂર દૂરથી આવતા મુલાકાતીઓ રાત્રી રોકાણ માટે સોમનાથ ટ્રસ્ટ દ્વારા આપવામાં આવતી સુવિધાઓનો ઉપયોગ કરે છે પરંતુ ઘણી વખત ઓનલાઈન બુકિંગ કરતી વખતે કેટલાક લોકો સમાન નામવાળી વેબસાઈટમાં ફસાઈને છેતરપિંડીનો શિકાર બને છે.

અમદાવાદના બોડકદેવ પોલીસ સ્ટેશનમાં ૫૮ વર્ષીય નિવૃત્ત પરેશ પટેલ દ્વારા નોંધાવવામાં આવેલી એફઆઈઆર મુજબ, પરેશ પટેલ ૨૪મી નવેમ્બરે તેમના પરિવાર સાથે સોમનાથ મંદિરે જવાના હતા. જે માટે સોમનાથમાં રૂમ બુકિંગ માટે સોમનાથ ટ્રસ્ટ રૂમ બુકિંગ માટે ગૂગલ પરથી સર્ચ કરવામાં આવ્યું હતું. સર્ચ કર્યા પછી https://somnathtemplerustgujarat.in/? પાનું ખોલ્યું. જેમાં આપેલા સંપર્ક નંબર ૯૬૬૧૩૬૮૭૬૭ પર ફોન કરતાં વ્યક્તિએ હિન્દીમાં વાત કરી હતી.

સોમનાથ ટ્રસ્ટના રૂમ બુકિંગ માટે ગૂગલ પર સર્ચ કરતાં વેબસાઈટ અને નંબર દ્વારા સંપર્કમાં આવેલા વ્યક્તિએ ૨૪મી નવેમ્બરે ત્રણ રૂમ બુક કરાવવા માટે રૂ. ૫,૦૦૦ એડવાન્સ ચૂકવવાનું કહ્યું હતું. એસી અને નોન-એસી રૂમ બુકિંગ માટે વોટ્સએપ નંબર દ્વારા વિગતો મોકલવામાં આવી હતી, જેમાં નાસ્તો, લંચ, ડિનર, ફ્રી વાઈ-ફાઈ, ફ્રી પેકિંગ અને જીએસટી ચાર્જનો સમાવેશ થાય છે. બુકિંગ માટે આઈડી કાર્ડ પણ મોકલવામાં આવ્યું હતું.

એક અજાણ્યા વ્યક્તિ દ્વારા મોકલવામાં આવેલી બેંક વિગતોમાં ફરિયાદીને ?૫૦૦૦ નું એડવાન્સ મોકલવામાં આવ્યું હતું. બાદમાં સિક્યોરિટી ડિપોઝિટ તરીકે રૂ. ૮૧૦૦ માગવામાં આવ્યા હતા, જે હોટેલમાંથી ચેક આઉટ કરતી વખતે પરત કરવાનું કહેવામાં આવ્યું હતું. આ રકમ મોકલવા માટે, અન્ય બેંકની વિગતો મોકલવામાં આવી હતી, જેમાં સિક્યોરિટી તરીકે ૮,૧૦૦ રૂપિયાનો સ્ક્રીનશોટ ટ્રાન્સફર કરવામાં આવ્યો હતો અને તે પણ શેર કરવામાં આવ્યો હતો.

આ પછી છેતરપિંડી કરનારે અલગ-અલગ બહાને ૫ ટ્રાન્ઝેક્શન કરીને કુલ ૬૯,૬૭૮ રૂપિયા જમા કરાવ્યા હતા. આ પછી વધુ પૈસાની માંગણી કરવામાં આવતાં ફરિયાદીને બુકિંગ અંગે શંકા ગઈ હતી અને ફરી એકવાર તેના મોબાઈલમાંથી સોમનાથ ટ્રસ્ટની વેબસાઈટ સર્ચ કરતાં સોમનાથ ટ્રસ્ટની વાસ્તવિક વેબસાઈટ મળી આવી હતી. જેમાં રજિસ્ટર્ડ મોબાઈલ નંબર પર કોલ કરીને બુકિંગની વિગતો શેર કરતાં જાણવા મળ્યું કે કોઈ બુકિંગ થયું નથી. જે પછી વ્યક્તિને તેની સાથે થયેલી નાણાકીય છેતરપિંડી વિશે જાણ થઈ.

જે નંબર પર રૂમનું બુકિંગ કરાવ્યું હતું તે નંબર પર ફોન કરીને બુકિંગ કરાવનાર વ્યક્તિ સાથે વાત કર્યા બાદ તેણે મોકલેલી રકમ રિફંડની માંગણી કરીને ના પાડવાનું શરૂ કર્યું હતું. આ પછી વ્યક્તિએ ફોન ઉપાડવાનું પણ બંધ કરી દીધું હતું. આ મામલામાં બોડકદેવ પોલીસે એફઆઈઆર નોંધી તપાસ શરૂ કરી છે અને કલમ ૩૧૬(૨), ૩૧૮(૪), ૬૬(સી), ૬૬(ડી) હેઠળ એફઆઈઆર નોંધીને તપાસ શરૂ કરી છે. સમાન નામો સાથે વેબસાઈટ્સ બનાવવાનું છે.


**SHILCHAR TECHNOLOGIES LIMITED**

Regd.Office : Near Muval Sub Station, Padra Jambusar Highway, Gavasad, Vadodara - 391430, Phone No +91 7624090901/2, Email : info@shilchar.com Website : shilchar.com
CIN : L29308GJ1986PLC008387

**STATEMENT OF STANDALONE UNAUDITED FINANCIAL RESULTS OF THE COMPANY FOR THE QUARTER AND NINE MONTHS ENDED 31st DECEMBER 2024**

(Rs. In Lacs except EPS)

| Sr. No. | Particulars | Quarter Ended | | | Nine Months Ended | | Year Ended |
|---|---|---|---|---|---|---|---|
| | | (Unaudited) ThreeMonths ended on 31.12.2024 | (Unaudited) Three Months ended on 30.09.2024 | (Unaudited) Three Months ended on 31.12.2023 | (Unaudited) 31.12.2024 (Unaudited) | (Unaudited) 31.12.2023 (Unaudited) | (Audited) Year Ended 31.03.2024 |
| 1 | Total income | 15,845 10 | 13,434.24 | 12,112.01 | 40,316.98 | 30,081.19 | 40,971.16 |
| 2 | Net Profit / (Loss) for the period (Before Tax, Exceptional and/or Extraordinary items) | 4,676 95 | 4,381.12 | 3,484.40 | 12,268.78 | 8,921.69 | 12,332.47 |
| 3 | Net Profit / (Loss) for the period before tax (after exceptional and/or Extraordinary items) | 4,676 95 | 4,381.12 | 3,484.40 | 12,268.78 | 8,921.69 | 12,332.47 |
| 4 | Net Profit / (Loss) for the period (After Tax, Exceptional and/or Extraordinary items) | 3,477 29 | 3,273.46 | 2,609.41 | 9,148.74 | 6,687.00 | 9,188.81 |
| 5 | Total Comprehensive Income for the period (Profit/(Loss) for the period (after tax) and other Comprehensive income (after tax) | 3,479 07 | 3,275.24 | 2,611.31 | 9,154.09 | 6,692.69 | 9195.95 |
| 6 | Paid-up Equity share capital of Rs. 10 each | 762 68 | 762.68 | 762.68 | 762.68 | 762.68 | 762.68 |
| 7 | Reserve (Excluding Revaluation Reserve) as shown in the Audited Balance of the previous year. | - | - | - | - | - | 20,198.15 |
| 8 | Earnings per share of Rs.10/- each for continuing and discounted operations) | | | | | | |
| | a. Basic | 45 59 | 42.92 | 34.21 | 119.96 | 87.68 | 120.48 |
| | b. Diluted | 45 59 | 42.92 | 34.21 | 119.96 | 87.68 | 120.48 |

NOTE : (1) The above unaudited results have been review by Statutory Auditors, recommended by Audit Committee and approved by the Board of Directors of the Company. (2) The activities of the Company relate to only one segment i.e. Transfomers & parts. (3) The figures for the corresponding previous periods have been regrouped/reclassified wherever considered necessary to confirm to the figures represended in the current period. (4) The above is an extract of the detailed format of Quarter Financial Results filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015. The full format of the consolidated quarterly financial results are available on stock exchange website www.bseindia.com and on Company's website : www.shilchar.com.

By order of the Board of Directors
For SHILCHAR TECHNOLOGIES LIMITED
Sd/-
ALAY SHAH
CHAIRMAN & MANAGING DIRECTOR (DIN :00263538)

Date : 30th January, 2025
Place : Gavasad, Dist.Vadodara



**INOX ગ્રીન એનર્જી સર્વિસીસ લિમિટેડ**

CIN L૪૫૨૦૭GJ૨૦૧૨PLC૦૭૦૨૭૯
નોંધણી: સર્વે નં. ૧૮૩૭ અને ૧૮૩૪ મોજે જેતલપુર, ABS ટાવર્સ બીજો માળ, ઓલ્ડ પાદરા રોડ, વડોદરા, ગુજરાત-૩૯૦૦૦૭ ખાતે
ફોન: ૦૨૬૫-૬૧૯૮૧૧૧; ફેક્સ: ૦૨૬૫-૨૩૧૦૩૧૨
ઈમેલ: investor@inoxgreen.com; વેબસાઈટ: www.inoxgreen.com

**૩૧ ડિસેમ્બર, ૨૦૨૪ ના રોજ પૂરા થયેલા ત્રિમાસિક અને નવ મહિના માટે અનઓડિટેડ સ્ટેન્ડઅલોન અને કોન્સોલિડેટેડ નાણાકીય પરિણામોનું નિવેદન**

૩૧ ડિસેમ્બર, ૨૦૨૪ ના રોજ પૂરા થયેલા ત્રિમાસિક અને નવ મહિના માટે અનઓડિટેડ સ્ટેન્ડઅલોન અને કોન્સોલિડેટેડ નાણાકીય પરિણામો ("નાણાકીય પરિણામો") ની સમીક્ષા ઓડિટ સમિતિ દ્વારા કરવામાં આવી છે અને ૩૧ જાન્યુઆરી, ૨૦૨૫ ના રોજ યોજાયેલી તેમની સંબંધિત બેઠકમાં કંપનીના બોર્ડ ઓફ ડિરેક્ટર્સ દ્વારા મંજૂર કરવામાં આવ્યા છે.

નાણાકીય પરિણામોનું સંપૂર્ણ ફોર્મેટ સ્ટોક એક્સચેન્જની વેબસાઈટ્સ (**www.bseindia.com** અને **www.nseindia.com**) અને કંપનીના વેબપેજ (**https://inoxgreen.com/PDF/Financials_Q3_IGESL.pdf**) પર ઉપલબ્ધ છે અને નીચેના ક્વિક રિસ્પોન્સ કોડને સ્કેન કરીને પણ ઍક્સેસ કરી શકાય છે:

આઈનોક્સ ગ્રીન એનર્જી સર્વિસીસ લિમિટેડ માટે
સંસ્થા/-
મનોજ દીક્ષિત
સંપૂર્ણ સમયના ડિરેક્ટર

સ્થાન: નોઈડા
તારીખ: ૩૧ જાન્યુઆરી, ૨૦૨૫



**STEELCO GUJARAT LIMITED** ENGINEERED FOR EXCELLENCE

**Steelco Gujarat Limited**

Registered Office : Plot No.2, G.I.D.C. Estate, National Highway No. 8, Palej - 392 220.
Tel No. : 91-2642-277 479 / 480 / 481. Fax No. : 91-2642-277 307
Website : www.steelcogujarat.com | CIN No.: L27110GJ1989PLC011748

(Rs. in Lakhs)

**STATEMENT OF STANDALONE UNAUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER AND NINE MONTHS ENDED 31-12-2024.**

| | Particulars | For the Quarter ended | | | For the Nine Months Ended | | For the year ended |
|---|---|---|---|---|---|---|---|
| | | 31.12.24 (Unaudited) | 30.09.24 (Unaudited) | 31.12.23 (Unaudited) | 31.12.2024 (Unaudited) | 31.12.2023 (Unaudited) | 31.03.2024 (Audited) |
| 1 | Income | | | | | | |
| | (a) Revenue from operations | 164.75 | 18.99 | - | 214.48 | - | 30.82 |
| | (b) Other Income | 11.59 | 44.69 | 5.28 | 57.53 | 331.08 | 332.96 |
| | **Total Revenue** | **176.35** | **63.68** | **5.28** | **272.01** | **331.08** | **363.78** |
| 2 | Expenses | | | | | | |
| | (a) Cost of materials consumed | 49.64 | 18.73 | - | 120.42 | - | 26.47 |
| | (b) Purchases of Traded Goods | - | - | - | - | - | - |
| | (c) Changes in inventories of finished goods, work-in-progress and stock-in-trade | (98.03) | 65.91 | - | (148.30) | - | - |
| | (d) Employee Benefit Expenses | 63.20 | 62.54 | 1.71 | 189.13 | 1.96 | - |
| | (e) Finance Cost | 416.19 | 0.01 | 0.11 | 416.19 | 4.55 | 313.24 |
| | (f) Depreciation and amortisation expense | 103.51 | 102.24 | - | 304.66 | - | 332.04 |
| | (g) Other expenses | 279.86 | 141.31 | 40.85 | 673.14 | 97.80 | 138.15 |
| | **Total expenses** | **814.36** | **390.72** | **42.67** | **1,555.24** | **104.31** | **809.90** |
| 3 | **Profit Before Tax and Extra Ordinary items** | **(638.02)** | **(327.05)** | **(37.39)** | **(1,283.22)** | **226.77** | **(446.12)** |
| | **Add: Exceptional item** | - | - | - | - | **40.14** | **16,986.97** |
| | **Profit Before Tax** | **(638.02)** | **(327.05)** | **(37.39)** | **(1,283.22)** | **266.91** | **16,540.85** |
| 4 | **Tax Expense** | | | | | | |
| | (a) Current Tax | - | - | - | - | - | - |
| | (b) Income Tax of Earlier Year | - | - | - | - | - | - |
| | (c) Deferred Tax | - | - | - | - | - | - |
| | **Total expenses** | - | - | - | - | - | - |
| 5 | **Profit / (Loss) for the period** | **(638.02)** | **(327.05)** | **(37.39)** | **(1,283.22)** | **266.91** | **16,540.85** |
| 6 | **Other Comprehensive Income / (Loss)** | | | | | | |
| | **(i) Items that will not be reclassified to profit or loss** | | | | | | |
| | - Remeasurement of Defined benefit plans | - | - | - | - | - | - |
| | - Equity instruments through other comprehensive income | - | - | - | - | - | - |
| | **(ii) Income tax relating to items that will not be reclassified to profit or loss** | | | | | | |
| | - Remeasurement of Defined benefit plans | - | - | - | - | - | - |
| | - Equity instruments through other comprehensive income | - | - | - | - | - | - |
| | **Total Other Comprehensive Income** | - | - | - | - | - | - |
| 7 | **Total Comprehensive Income for the period** | **(638.02)** | **(327.05)** | **(37.39)** | **(1,283.22)** | **266.91** | **16,540.85** |
| | Paid up Equity Share Capital (Face Value of Rs 1/- each) | 496.60 | 496.60 | 4,256.18 | 496.60 | 4,256.18 | 496.60 |
| | **Earnings per equity share** | | | | | | |
| | (a) Basic | (12.85) | (6.586) | (0.09) | (25.84) | 0.63 | 333.082 |
| | (b) Diluted | (12.85) | (6.586) | (0.09) | (25.84) | 0.63 | 333.082 |

Notes :
1. The above results which are published have been reviewed by the Audit Committee and approved by the Board of Directors of the Company at their meeting held on January 31, 2025. The financial results of the Company have been prepared in accordance with the Indian Accounting Standards (Ind AS) as prescribed under Section 133 of the Companies Act, 2013 read with relevant rules issued thereunder and the other Accounting Principles generally accepted in India. The unaudited financial results for the quarter and nine months ended December 31, 2024 have been subjected to Limited Review by the Statutory Auditors.
2. The limited review as required under Regulation 33 of the SEBI (Listing Obligation and Disclosure Requirements) Regulations, 2015 has been completed by the auditors of Company.
3. Figures for the previous periods have been regrouped and/or rearranged and/or reclassified wherever necessary to make them comparable with those of current periods.

For Steelco Gujarat Limited
Sd/-
Anoop Kumar Saxena
Managing Director
DIN: 10311727

Place: Vadodara
Date: 31.01.2025